બીજાનું હિત જેમને હૈયે વસ્યું છે તેમને માટે જગતમાં કંઈ દુર્લભ નથી




ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીના માધ્યમ દ્વારા જીવના કલ્યાણ માટે એક અદભુત સૂત્ર આપ્યું છે, 'સર્વ ભૂત હિતે રતાઃ। અન્યના હિત માટે મંડ્યા રહો, તમારું કલ્યાણ આપોઆપ થશે,' એ જ વાત ભગવાન શ્રીરામે પણ શ્રીરામચરિતમાનસ માધ્યમ દ્વારા કહી છે - પરહિત સરિસ ધર્મ નહીં ભાઈ! પરહિત સમાન કોઈ ધર્મ નથી. પોતાને માટે જ જીવનારા તો અસંખ્ય મળી આવશે, કિંતુ બીજાને માટે જીવનારા કોઈ વિરલા જ મળશે. 'પોતાનું નહીં, બીજાનું હિત' એ સ્વકલ્યાણનો મંત્ર છે. જે કેવળ પોતાને માટે જ જીવે છે તે તો પશુ સમાન છે; જે પોતાને માટે અને બીજાને માટે પણ જીવે છે તે માનવ છે પરંતુ જે કેવળ બીજાને માટે જ જીવે છે તે તો મહામાનવ છે. તુલસીદાસજી એટલે જ કહે છે, 'પરહિત બસ જિન્હ કે મન માહીં। તિન્હ કહું જગ દુર્લભ કછુ નાહીં॥' જેમના મનમાં બીજાનું હિત વસે છે તેને માટે જગતમાં કંઈ પણ દુર્લભ નથી. મહાભારતની એ કલંકિત ઘટના સર્વવિદિત છે! જ્યારે ભરી સભામાં દુષ્ટ દુઃશાસન દ્વારા રાજપરિવારની કુળવધૂ દ્રૌપદીને નિર્વસ્ત્ર કરવાની કુચેષ્ટા થઈ રહી હતી ત્યારે પિતામહ ભીષ્મે ચૂપ રહીને આંખ આડા કાન કર્યાં હતાં! મહાશક્તિશાળી પિતામહ ભીષ્મનો પ્રભાવ એવો હતો કે તેમનું એક જ વાક્ય દુઃશાસનને અટકાવવા માટે પૂરતું હતું પરંતુ મૂક બનીને આંખો નીચી કરીને તેઓ પોતાની જ કુળવધૂને નિર્વસ્ત્ર થતી જોઈ રહ્યા! જરા થોભો! શ્રીરામચરિતમાનસની એક એ પણ ઘટના છે કે જ્યારે રાવણ સીતાજીનું હરણ કરીને તેમને આકાશમાર્ગે લંકા તરફ લઈ જઈ રહ્યો હતો ત્યારે સીતાજી આર્ત-સ્વરોમાં મદદ માટે પોકારતાં હતાં! તેમની એ આર્તવાણી સાંભળીને અધમ કક્ષાના પક્ષી ગીધરાજ જટાયુનું લોહી ઊકળી ઊઠ્યું! તેઓ જાણતા હતા કે રાવણને પડકારવો એટલે પોતાના મૃત્યુને નિમંત્રણ આપવું! તેમ છતાં તેઓ ચૂપ બેસી ન રહ્યા. તેમણે રાવણને પડકાર્યો. ક્રોધે ભરાઈને તેઓ રાવણ તરફ ધસી ગયા. તેમની પાસે કોઈ શસ્ત્ર તો હતું નહીં; પોતાની મજબૂત ચાંચોના પ્રહાર વડે તેમણે રાવણના શરીરને લોહીલુહાણ કરી નાખ્યું. પળવાર માટે તો રાવણ મૂર્છિત પણ થઈ ગયો. રાવણ સામે પોતે નહીં જ ટકી શકે એવું જાણવા છતાં પણ જીવનના અંતિમ શ્વાસ સુધી તેઓ રાવણને હંફાવતા રહ્યા. અંતે રાવણે તેમની બંને પાંખો કાપી નાખી! અધમૂઆ થઈને તેઓ ધરતી પર પડ્યા! શ્રીરામને સીતાજીના સમાચાર આપવા માટે જ તેમણે પોતાના પ્રાણ ટકાવી રાખ્યા. શ્રીરામ આવ્યા ત્યારે જટાયુએ વિગતવાર હકીકત કહી સંભળાવી. અંતે... 'રામ! મને અફસોસ છે કે હું રાવણને અટકાવી ન શક્યો...' કહેતાં શ્રીરામના ખોળામાં તેમણે પ્રાણ છોડ્યા. શ્રીરામે તેમની શહાદતને વંદન કર્યાં અને સ્વહસ્તે એક પુત્રની જેમ તેમના અગ્નિસંસ્કાર કરીને મુનિઓને પણ દુર્લભ એવા પોતાના ધામની પ્રાપ્તિ કરાવી. દ્રૌપદીની આર્તવાણી સાંભળીને ચૂપ બેસી રહેનાર ભીષ્મ પિતામહને જીવનની અંતિમ ક્ષણોમાં બાણશૈયા મળી, જ્યારે સીતાજીની આર્તવાણી સાંભળીને તેમની રક્ષા માટે પોતાના પ્રાણોની આહુતિ આપનાર ગીધરાજ જટાયુને ભગવાનનો ખોળો મળ્યો, તેમના હાથે અગ્નિસંસ્કાર મળ્યા, જે દશરથના ભાગ્યમાં પણ ન હતા. બીજાનું હિત જેમને હૈયે વસ્યું છે, તેને માટે જગતમાં કંઈ જ દુર્લભ નથી.

> રાવણ સામે પોતે નહીં જ ટકી શકે એવું જાણવા છતાં પણ જીવનના અંતિમ શ્વાસ સુધી તેઓ રાવણને હંફાવતા રહ્યા

આચમન
બિપિન પટેલ

ભીતર પ્રકાશ પાથરો તો સાચી દિવાળી



દિવાળી એ દીપોત્સવનું પર્વ છે. ભગવાન રામે રાવણ સાથેના યુધ્ધમાં વિજય મેળવ્યા પછી અયોધ્યા પધાર્યા ત્યારે નગરવાસીઓએ ઘેર ઘેર દીવા પ્રગટાવી ઉત્સવ મનાવ્યો, એ દીપોત્સવ ગણાયો અને ત્યારથી દિવાળી ઉજવાય છે.

આ પરંપરા આજેય ભારતવાસીઓ ઉજવે છે. દિવાળી પર્વે દીપમાળા - દીવડાઓની હાર પ્રગટાવી અંધકારને ભગાડવામાં આવે છે. કહેવાય છે કે જ્યાં પ્રકાશ છે ત્યાં લક્ષ્મી વસે છે. વળી જ્યાં પ્રકાશ છે ત્યાં જ્ઞાન અને સત્ય વસે છે. અહીં જ્ઞાનને બુધ્ધિદાતા સરસ્વતી દેવીના અર્થમાં લઈશું. વળી દિવાળી પર્વે ઘર - ઓફિસ કે દુકાન સ્વચ્છ કરવામાં આવે છે, જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા વસે છે.

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

સ્વચ્છતા અને પ્રકાશ જ્યાં હશે ત્યાં નકારાત્મકતા કે અંધકાર નહીં રહી શકે. વળી ત્યાં બધા જ સકારાત્મક ગુણો કે ઊર્જા ફેલાશે. સકારાત્મક ઊર્જા માનસિક શાંતિ અને ભૌતિક સુખો લાવે છે.

અને એટલે ઘરમાં કે આંગણે પ્રકાશ ફેલાવી ઘણી દિવાળીઓ આપણે ઉજવી છે, બહાર પ્રકાશ રેલાવીએ છીએ એ ભૌતિક છે. જો કે એ જરૂરી અને સારી વાત છે પણ ભીતર પ્રકાશ પાથરી અંતરને ઉજાળી ખરી દિવાળી મનાવવાની છે. આજે માનવીનું જીવન બહુ જ સંઘર્ષમય બનતું જાય છે, ત્યારે અંતરને ઉજાળવું પણ એટલું જ જરૂરી છે. તમારી અંદર જો અંધારું હશે તો બહારનાં ભૌતિક સુખો તમે માણી નહીં શકો. અજ્ઞાન, અહંકાર, છળકપટ, અસત્ય, ક્રોધ, હિંસા, મોહ, ઈન્દ્રિયો પ્રત્યેનું અતિક્રમણ, અધર્મ, અંધશ્રધ્ધા વગેરે અનેક અંધકારોને ભગાડવા અંદર ઉજાસ પાથરવાનો છે.

> તમારી અંદર જો અંધારું હશે તો બહારનાં ભૌતિક સુખો તમે માણી નહીં શકો. અજ્ઞાન, અહંકાર, છળકપટ, અસત્ય, ક્રોધ, હિંસા, મોહ, ઇન્દ્રિયો પ્રત્યેનું અતિક્રમણ, અધર્મ, અંધશ્રધ્ધા વગેરે અનેક અંધકારોને ભગાડવા અંદર ઉજાસ પાથરવાનો છે.

દિવાળી અમાસના દિને જ આવે છે નહીં કે પૂર્ણિમાએ. અમાસે ચંદ્રની ગેરહાજરીના કારણે અંધકાર હોય છે અને ત્યારે આપણે દીવા પ્રગટાવી અજવાળું કરીએ છીએ પણ જીવનની અમાસમાં જ્ઞાનના દીવા પ્રગટે તો બુદ્ધત્વ પ્રાપ્ત થાય, અહીં આત્માને ઉજાળી અજ્ઞાનના અંધકારને દૂર કરવાની વાત છે. બહાર દીવા સળગાવીએ છીએ એ થોડા સમય પછી બુઝાઈ જવાના છે પણ અંદરમાં પ્રગટેલો દીપક ક્યારેય નહીં બુઝાય. એ જીવનભર પ્રકાશ પાથરી તમારા મન અને બુદ્ધિનું માર્ગદર્શન કરશે, રસ્તો બતાવશે. બહારનો અંધકાર હટાવવો સહેલો છે પણ ભીતરનો અંધકાર દૂર કરવો કપરો છે. હા, એ કપરો ખરો પણ અશક્ય નથી જ. એક વાર જાતને ઢંઢોળી જુઓ, તમારા અજ્ઞાન, અહંકાર જેવા અવગુણોને દૂર કરી સદ્‌ગુણો સભર જીવનને આવકારો તો કાયમ દિવાળી થઈ જશે. માણસમાં સજાગતા, જાગૃતિ હોય તો મન ઉપર વૃત્તિઓ હાવી થઈ શકતી નથી. આ જાગૃતિ ફેલાવવા મન અને આત્માને સાફ કરી ઉજાળવાનો છે. મન અને આત્મા સ્વચ્છ હશે તો ખુદ પરમાત્મા આવીને વાસ કરશે અને જીવન ભર્યું ભર્યું બની જશે.



સપ્તાહનાં વ્રત-તહેવાર

તા.૨ થી તા.૮ નવેમ્બર ૨૦૨૬

તા. ૨ સોમવાર
આસો વદ આઠમ-:

તા. ૩ મંગળવાર
આસો વદ નોમ-:

તા. ૪ બુધવાર
આસો વદ દશમ

તા. ૫ ગુરુવાર
આસો વદ એકાદશી
રમા એકાદશી(કેળા),વસુ બારસ ,ગોવત્સ દ્વાદશી

તા. ૬ શુક્રવાર
આસો વદ બારસ-: ધન તેરસ, ધન્વંતરી જયંતી, પ્રદોષ ગુરુ દ્વાદશી, યમ દીપ દાન.

તા. ૭ શનિવાર
આસો વદ તેરસ-:શિવરાત્રી, કાળી ચૌદશ, હનુમાન પૂજા, કાળભૈરવ પૂજા

તા. ૮ રવિવાર
દિવાળી, દર્શન અમાસ, નરક, રૂપ ચતુર્દશી, અભ્યંગ સ્નાન, લક્ષ્મી-કુબેર, શારદા-ચોપડા પૂજન, યમતર્પણ, સ્વામી દયાનંદ સરસ્વતી, મહાવીર સ્વામી નિર્વાણ દિન.